
# શહેરમાં ભારે પવન સાથે કરા પડ્યા

**ગાંધીનગરમાં તોફાની વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત બન્યુ : ગઇકાલે રાત્રિના બરફના કરા સાથે એક ઇંચ વરસાદ ખાબકયો : સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા : અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા : ઘ-૫ પાસે ટ્રાફિક સિગ્નલનો પોલ પણ જમીનદોસ્ત : સેકટરોમાં ઠેર ઠેર માટી પોલાણ થતા અનેક વાહનો સલવાયા : સેકટરો વરસાદી સમસ્યાની ગિરફતમાં સતત બે દિવસથી કમોસમી વરસાદની અસરથી જનજીવન પ્રભાવિત : જન આરોગ્ય પર વિપરિત અસર**












ગાંધીનગર તા ૨૦

ગાંધીનગરમાં છેલ્લા ચાર પાંચ દિવસથી રોજબરોજ મોસમનો નઝારો બદલાય છે. જયારે ગઈકાલે પણ સતત બીજા દિવસે અચાનક જ વાતાવરણમાં નાટયાત્મક પલ્ટો આવ્યો હતો. રાત્રિના સમયે સુસવાટા મારતા પવન વચ્ચે આકાશમાં વિજ ચમકારા અને વિજકડાકાથી ભર ઉનાળે ચોમાસા જેવા દ્રશ્યો જોવા મળ્યા હતા. પલવારમાં જ ધોધમાર વરસાદ તુટી પડતા સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. બરફના કરા સાથે વરસતા વરસાદથી નગરમાં ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ જયારે વરસાદના આક્રમક મિજાજના લીધે સેકટરોમાં કેટલાક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થયા હતા ઘ- ૫ સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલનો પોલ પણ જમીનદોસ્ત થયો હતો. સેકટરોમાં ગારા અને ગંદકી વચ્ચે અનેક ઠેકાણે માટી પોલાણ થતા વાહનો ફસાઈ ગયા હતા. બરફના કરા સાથે વરસાદ વરસતા નગરજનોમાં ફરી એકવાર આશ્ચર્યની લાગણી વ્યાપી હતી. સોશિયલ મીડીયામાં વરસાદી વિડીયો વાયરલ થયા હતા. રાત્રિના ૨૧ મી મી અલબત્ત એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હતો.

સતત બે દિવસથી વિજ કડાકા અને વાદળ ગર્જનાથી ગાજતા ગાંધીનગરના ગગનમાં રોજબરોજ વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળે છે. ભર ઉનાળે ચોમાસાની જમાવટ હોય તેવા દ્રશ્યો સાથે નગરમાં રોજ સાંજ પડતા ભીંજારનો માહોલ જામે છે. ગઈકાલે પણ દિવસ દરમિયાન નગરજનોએ ગરમી અનુભવી હતી જયારે રાત્રિના ૧૦ વાગ્યાના અરસામાં અચાનક જ વાતાવરણમાં જોરદાર પલ્ટો આવ્યો હતો. સુસવાટા મારતા પવન સાથે આકાશમાં વિજળીના ચમકારા વચ્ચે વરસાદી વાદળો ગોરંભાયા હતા વિજકડાકા વચ્ચે ધમધોકાર વરસાદ વરસવાનુ શરૂ થયુ હતુ. સતત બીજા દિવસે પણ બરફના કરા સાથે તોફાની વરસાદ વરસતા પલવારમાં જ ચોમેર પાણી પાણી થઈ ગયુ હતુ. ભર ઉનાળે અષાઢી વાદળો વરસ્યા હોય તેમ એક ઈંચ વરસાદ ખાબકયો હતો જેના લીધે સેકટરો વરસાદી પાણીમાં ઘમરોળાયા હતા. સેકટરોમાં ઠેર ઠેર વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જયારે આજે પણ સેકટરોના કોમન પ્લોટ અને આંતરિક માર્ગો સહીત નિચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણીનો ભરાવો જોવા મળ્યો હતો. જયારે સેકટરોમાં એકબાજુ પાણી ગટર લાઈનના ખોદકામના લીધે ઠેર ઠેર માટીના ઢગ ખડકાયા છે તેવા વિસ્તારમાં કાદવ કિચ્ચડના લીધે અસહ્ય ગંદકીના દ્રશ્યો જોવા મળ્યા હતા. જયારે વરસાદની સાથે પવનનુ જોર વધુ હોવાથી અનેક ઠેકાણે વૃક્ષો ધરાશાયી થઈ ગયા હતા જયારે ઘ-૫ સર્કલ પાસે ટ્રાફિક સિગ્નલનો પોલ પણ જમીનદોસ્ત થયો હતો જો કે સદનસીબે કોઈને ઈજા થવા પામી ન હતી. ખોદકામના અંતે માટી પુરાણ યોગ્ય ન થતા અનેક ઠેકાણે માટી પોલાણ સર્જાતા રહીશોની કાર પણ સલવાઈ ગઈ હતી. જેના લીધે સેકટરવાસીઓએ ભારે પરેશાની વેઠવાનો વારો આવ્યો હતો. રહેણાંક વિસ્તારમાં પાણી ભરાઈ જતા માટી પોલાણમાં પાર્ક થયેલા વાહનોના પૈડા પણ અંદર ખુપી ગયા હતા. જયારે વરસાદની સાથે પવનનુ જોર પણ વધુ હોવાના લીધે બાંધકામ સાઈટ પર પતરાઓ ઉડીને દુર પડયા હતા. સચિવાલય પાસે તેમજ સે-૨૦ માં પણ એક ઠેકાણે વૃક્ષ ધરાશાયી થયુ હતુ વરસાદના આક્રમક મિજાજથી નગરનુ જનજીવન પ્રભાવિત થયુ હતુ. જયારે રાત્રિના સમયે વાતાવરણમાં બર્ફિલી ઠંડક પ્રસરી હતી. સતત બીજા દિવસે વાતાવરણ પલ્ટાની સાથે કમોસમી વરસાદના લીધે ખેડુતોની ચિંતામાં વધારો થયો હતો. જયારે આજે દિવસ દરમિયાન પણ ઠંડી ગરમીના પારામાં વિશેષ ચઢ ઉતર જોવા મળી

● અનુસંધાન પાન-૭ પર

## ધો-૧૦માં વિજ્ઞાનનુ પેપર અઘરુ અને અટપટુ : લેન્ધી પણ લાગ્યુ

**આકૃતિવાળા પ્રશ્નો ૧૦ સમીકરણવાળા ૪ અને દાખલા બે પુછાયા સામાન્ય વિદ્યાર્થીઓ માટે પેપર અઘરુ પુરવાર થયુ : કિશોરસિંહ રાજપુત**

ગાંધીનગર તા ૨૦

ધો -૧૦ ની બોર્ડ પરીક્ષામાં બે દિવસની રજાના અંતે આજે વિદ્યાર્થીઓએ વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. વિજ્ઞાનના પેપરમાં જિલ્લામાંથી ૨૪૮૯૩ વિદ્યાર્થીઓએ હાજરી આપી હતી જયારે ૫૦૯ વિદ્યાર્થીઓની હાજરી ઘટી હતી. વિજ્ઞાનનુ પેપર પ્રમાણમાં વિદ્યાર્થીઓને અઘરુ અને લેન્ધી લાગ્યુ હતુ. દાખલા સમીકરણવાળા પ્રશ્નો અને ૧૦ જેટલા આકૃતિવાળા પ્રશ્નોના લીધે વિદ્યાર્થીઓને મુંઝવણ થઈ હતી જેના લીધે પેપર સમયસર પુરુ કરવાનુ પણ અઘરુ સાબિત થયુ હતુ.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા હાલ લેવામાં આવી રહેલી ધો -૧૦ ની બોર્ડ પરીક્ષામાં બે દિવસ રજા હતી જયારે રજાના અંતે આજે વિદ્યાર્થીઓએ મહત્વના વિજ્ઞાન વિષયની પરીક્ષા આપી હતી. આ અંગે કિશોર ઈન્સ્ટીટ્યુટના વિષય નિષ્ણાંત કિશોરસિંહ રાજપુતના જણાંવ્યા મુજબ વિજ્ઞાનના પેપરમાં વિદ્યાર્થીઓને પ્રશ્નોના જવાબ આપવાનુ થોડુ અઘરુ

● અનુસંધાન પાન-૭ પર



## વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

## ગાંધીનગર મેડીકલ કોલેજમાં મંજૂર મહેકમ સામે ૫૦ જગ્યા ખાલી છે

**સંત સરોવરને પિકનીક પોઈન્ટ બનાવવા પ્રવાસન વિભાગને કોઈ જમીન મળી નથી અને કાર્યવાહી પણ કરાઈ નથી : કેન્સરના બાળદર્દીઓ વધી રહ્યા છે**

ગાંધીનગર, તા. ૨૦

આજે રાજ્ય વિધાનસભા ગૃહમાં આરોગ્ય પરિવાર વૈદ્યાનિક અને સંસદીય બાબતો, પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃત્તિ, વન અને પર્યાવરણ વિભાગને લગતી પ્રશ્નોત્તરી રજુ થઈ હતી. આજની પ્રશ્નોત્તરીના સમયમાં સામાન્ય રીતે જોવા મળતી ઉત્તેજના જોવા મળી ન હતી પરંતુ પ્રશ્નોમાં ગંભીર ચિંતા સભ્યોની જોવા મળી હતી.

ગૃહમાં વિધાનસભામાં રજુ થયેલા બજેટ પરની માંગણીઓની ચર્ચા તેના અંતિમ ચરણમાં પહોંચી છે. ગૃહમાં આજે રજુ થયેલી પ્રશ્નોત્તરીમાં ૯૮ પ્રશ્નો રજુ થયા.

● **ડોક્ટર પાસેથી બોન્ડની રકમ વસુલાઈ**

વિજાપુરના કોંગીના ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડાએ ૩૧-૧૨-૨૨ની સ્થિતિએ સરકારી કોલેજમાંથી એમ.બી.બી.એસ. પાસ કરી નિમણુંક પામેલ ડૉક્ટરો જિલ્લામાં કેટલા હાજર ન થતાં બોન્ડની રકમ વસુલવામાં આવી તેવા પુછેલા પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીએ જણાવ્યુ છે કે ગાંધીનગર જિલ્લામાં એક ડૉક્ટર હાજર ન થતાં રૂ. પાંચ લાખની વસુલાત બાકી છે.

મંત્રીએ સભ્યના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે કે મામલતદાર (વસુલાત) દ્વારા વસુલાતની ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

● **મેડીકલ કોલેજમાં ખાલી જગ્યા**

પાટણના કોંગી ધારાસભ્ય કીરીટભાઈ પટેલે સરકારી અને

● અનુસંધાન પાન-૭ પર

# મનપાની ઓળખ સ્થાપિત કરવા સ્થાયી સમિતિ દ્વારા મહત્વના નિર્ણયો લેવાયા

**૧૦ આંગણવાડી તોડી નવી બનાવાશે : ૧૫માં રિનોવેશન કરાશે : સ્વચ્છતાની કામગીરીને અસરકારક બનાવવા શરતો લાદવામાં આવી**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં મનપાની ઓળખ બદલવાની કવાયતના ભાગરૂપે મહત્વના નિર્ણયો કર્યા છે.



મનપા દ્વારા નવી જંત્રીના દરે મિલ્કતવેરાની વસુલીનો નિર્ણય એક વર્ષ માટે મુલ્તવી રાખવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ ઉપરાંત આજે મંજૂર કરાયેલ કેટલાક કામોમાં શરતોને આધીન મંજૂરી આપવામાં આવી છે.

આજે સ્થાયી સમિતિની મળેલ બેઠક પૂર્વે સંકલન સમિતિની પણ બેઠક મળી હતી. આજે સ્થાયી સમિતિની બેઠક ચેરમેન જસવંતભાઈ પટેલના અધ્યક્ષસ્થાને મળી હતી.

આજે મળેલ સ્થાયી સમિતિએ મનપાની આવક વધે તે માટે બિનખેતી થયેલા પ્લોટોની આકારણી કરી અને મિલ્કતવેરો વસુલવા માટેનો નિર્ણય પણ કર્યો છે.

આ બેઠકમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રૂ. ૨૫.૯૭ કરોડના કામોની યાદી તૈયાર કરીને મોકલી આપવા ઉપરાંત આઉટગ્રોથ વિસ્તાર માટે પણ રૂ. ૫.૧૧ કરોડના કામોની યાદી તૈયાર કરી સરકારમાં મોકલી આપવામાં આવી છે. આઉટગ્રોથ વિસ્તારમાં પાણીની ટાંકી સહિતના કામો હાથ ધરવાનું આયોજન કરાયુ છે.

આ બેઠકમાં ૧૦ આંગણવાડીઓ જે જર્જરિત બનેલ છે તેને તોડી અને ચિલ્ડ્રન યુનિ.ના માર્ગદર્શન હેઠળ નવી બનાવવાનો તેમજ ૧૫ આંગણવાડી કેન્દ્રોના મરામતની મહત્વની કામગીરી હાથ ધરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિએ વૉટર ડ્રીસ્ટીબ્યુશન પાઈપલાઈન ટી.પી. વિસ્તારોમાં નાખવાની કામગીરીના ટેન્ડરને પણ મંજૂરી આપી છે.

સ્થાયી સમિતિની બેઠકમાં આજે ગુણવત્તા સાથે સમાધાન નહિ કરવાની તેમજ ખોટા ખર્ચને ટાળવા અંગે વિસ્તૃત ચર્ચાઓ થઈ હતી અને કેટલાક મહત્વના દિશા નિર્દેશ પણ આપવામાં આવ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

## બાગાયત શાખામાં નિયામક સહિત ૧૬નું નવુ મહેકમ મંજૂર

ગાંધીનગર મહાનગરપાલિકામાં બાગાયત નિયામક સહિત ૧૬ નવી જગ્યાઓનું મહેકમ મંજૂર કરવામાં આવ્યુ છે. ગાંધીનગર મનપા સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે કહ્યુ હતુ કે ગ્રીનસીટીનું બિરૂદ ગાંધીનગરને ઝડપથી પરત મળે તે માટે બાગાયત શાખાના મહેકમના માળખામાં સુધારો કરવામાં આવ્યો છે. તેમણે કહ્યુ કે બાગાયત નિયામકનો દરજ્જો વર્ગ-૧નો રહેશે. આનાથી શહેરના બગીચાઓની જાળવણી તેમજ વનીકરણની કામગીરીને વેગ મળશે.

## પાંચ ટેન્ડર રદ કરાયા તો બે મુદ્દા મુલત્વી રાખવામાં આવ્યા

ગાંધીનગર મનપાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠકમાં બગીચાઓના કામોના ટેન્ડરો રદ કરી અને નવેસરથી ટેન્ડર બનાવવા અને જારી કરવામાં આવે તેવો નિર્ણય લેવામાં આવ્યો છે.

સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આ કામોના ટેન્ડરમાં ભાવ તફાવત જે રીતે જોવા મળ્યો છે તેને લઈ ટેન્ડરો રદ કરવામાં આવ્યા છે. આજની બેઠકમાં પાંચ મુદ્દાઓ બગીચાઓના રિનોવેશન તેમજ નવા બનાવવાને લઈ સમાવવામાં આવ્યા હતા.

તેમણે જણાવ્યુ હતુ કે ભાવ તફાવત પણ ૧૨ થી ૨૯ ટકા વચ્ચે જોવા મળ્યો હતો. એન્યુઅલ મેઈન્ટેન્સ બગીચાઓમાં પણ ભાવ તફાવત નજરમાં આવતાં આ ટેન્ડરો રદ કરવાનો નિર્ણય લેવાયો છે. નવા ટેન્ડરો ઝડપથી જારી કરવામાં આવશે.

આજની સ્થાયી સમિતિએ એજન્ડામાં સમાવાયેલ બે કામો હાલ પુરતા સ્થગિત કરવાનો પણ નિર્ણય કર્યો છે. મેટ્રો રેલ કોર્પોરેશનને પાવર રિસીવીંગ સ્ટેશન બનાવવા માટે જમીન આપવાનો નિર્ણય જંત્રીના નવા દર અમલી બને તે પછી કરવામાં આવશે. આ ઉપરાંત પેથાપુર બાલાજી વિહાર સોસાયટીમાં પેવર બ્લોકનું કામ પણ હાલ સ્થગિત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

## આરસીસી રોડ, પરચુરણ મરામતના કામો માટે કન્સલટન્ટ નહિ રખાય

**નવી નીતિ મુજબ આ કામગીરી કરી રૂ. ૫ કરોડની બચત થશે : જસવંત પટેલ**

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર મનપા દ્વારા આર.સી.સી. રોડ બનાવવા અંગે તેમજ વિવિધ પરચુરણ કામો માટે કન્સલટન્ટની નિમણુંક નહિ કરવા ઉપરાંત આર.સી.સી. રોડ માટે નવી નીતિ તૈયાર કરી તેનો અમલ કરવાની દિશામાં આગળ વધવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

મનપાની સ્થાયી સમિતિના ચેરમેન જસવંતભાઈ પટેલે આજે બેઠક બાદ પત્રકારો સાથેની વાતચીતમાં સંકેત આપ્યો હતો કે આર.સી.સી. રોડની નવી નીતિ, કમ્પાઉન્ડ વૉલ માટેની નવી કામગીરી તેમજ કેટલાક ટેન્ડરોમાં નવી શરતોનો ઉમેરો કરવાને લઈ મનપાને અંદાજે રૂ. ૫ કરોડ જેટલી બચત થશે.

તેમણે આર.સી.સી. રોડ માટે કન્સલટન્ટની નિમણુંક નહિ કરવાનો નિર્ણય પણ બચતના ભાગરૂપે જ કરવામાં આવ્યો છે.

પટેલે જણાવ્યુ હતુ કે ૧૧૮ કરોડથી વધુના કામો મંજૂર કરવામાં આવ્યા છે. તેમણે કહ્યુ કે સુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ હોય કે વૉટર ડીસ્ટ્રીબ્યુશન પ્લાન્ટના કામોમાં ઓપરેશન એન્ડ મેઈન્ટેન્સ માટે બાયો મેટ્રીક હાજરી સહિત ઘણી બધી શરતો લાદવામાં આવી છે. વિલેજ પંપીંગ સ્ટેશન માટે પણ શરતો લાદવામાં આવી છે.

તેમણે કહ્યુ હતુ કે ગુણવત્તા સાથે સમાધાન નહિ કરાય તેમજ જે કંઈ સામગ્રી ઉપયોગમાં લેવામાં આવશે તે પણ ગુણવત્તાસભર જ લેવાની રહેશે.

આજની સ્થાયી સમિતિની બેઠક ઐતહાસિક બનશે કારણ કે મનપા હવે તેની ઓળખ બદલવા માટે કટિબદ્ધ બન્યુ છે. આજે નવી નીતિના અમલની સાથે સાથે સાચા અર્થમાં કરકસરની નીતિનો પણ અમલીકરણનો પ્રારંભ થશે.

**શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર**

C/o. જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર-૩૮૨૦૨૯, મો. ૯૮૨૪૭૨૩૬૧૪

શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર દ્વારા નીચેના કામો માટેના ટેન્ડરો મંગાવવાનું નક્કી કરેલ છે.

૧. Supply of Elevators Material, Installation, Testing and Commissioning (MRL, હાઈડ્રોલીક)
૨. જલારામ દર્પણ પુસ્તકનું છાપકામ કરવા બાબત.

આ અંગેની વિગતો અને ટેન્ડર કોપી શ્રી જલારામ સેવા સમાજ, ગાંધીનગર - સેક્ટર-૨૯ ખાતેથી તા. ૨૨-૦૩-૨૦૨૩થી સવારે ૧૦ થી ૧૨, સાંજે ૫ થી ૭ દરમ્યાન મેળવી શકાશે. આ ટેન્ડર વિધિવત ભરીને તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ સાંજે ૬.૦૦ ક્લાક સુધીમાં પરત કરવાના રહેશે. ટેન્ડર માટે પ્રી બીડ મીટીંગ તા. ૨૭-૦૩-૨૦૨૩ના રોજ રહેશે.

મંત્રીશ્રી,
શ્રી જલારામ સેવા સમાજ,
ગાંધીનગર

**REQUIRED**
(1) for office work :- Girl
(2) for Marketing: - Boy/Girl
At Sargasan Gandhinagar
+91 6354-837833

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com